# પ્રકરણ – ૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ.

૯.૧ જમીન ફાળવણીઃ–

૯.૧ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે સામાન્ય રીતે સચિવાલયના વિભાગો માટે નિયત કરેલ કાર્યપધ્ધતિ અને ગુજરાત સરકારના કામકાજના નિયમોના નિયમ –૧૫(ક) હેઠળ વિવિધ સ્તરોએ કેસોના નિકાલ માટે સુપ્રત કરવામાં આવેલ સત્તાનુસાર નિર્ણય કરવામાં આવે છે.

૯.૨ જમીન ફાળવણી સંબંધી અરજદારો તરફથી જમીન માંગણી થયેથી તેની નિયત ચેક લિસ્ટ મુજબ ચકાસણી કરીને તે અંગેની ધોરણસરની દરખાસ્તો જિલ્લા કલેકટરો/ જિલ્લા વિકાસ અધિકારીઓ તરફથી મહેસુલ વિભાગને કરવામાં આવે છે. સરકારી જમીન ફાળવવા અંગે મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ તથા તે હેઠળના ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ તથા રાજય સરકાર ધ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતા ઠરાવો, પરિપત્રો, સૂચનાઓ અન્વયે જમીન ફાળવવાની કામગીરી થાય છે. સત્તા સોંપણીના હુકમો અનુસાર રૂા. ૫૦ લાખથી નીચેની કિંમતની જમીન ફાળવણીના કેસોમાંનાયબ સેકશન અધિકારી/સેકશન અધિકારી/ ઉપસચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ નાણા સલાહકારશ્રી/ અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગ/ માન. મંત્રીશ્રી, મહેસુલ કક્ષાએ તથા રૂા. ૫૦ લાખથી વધારે કિંમતની જમીન ફાળવણીની દરખાસ્તોમાં નાયબ સેકશન અધિકારીશ્રી / સેકશન અધિકારીશ્રી/ ઉપસચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ નાણા સલાહકારશ્રી/ અગ્રસચિવશ્રી, મ.વિ./ અગ્રસચિવશ્રી, ખર્ચ, ના.વિ./ મુખ્ય સચિવશ્રી,/ માન. મંત્રીશ્રી, મહેસૂલ/ માન. મંત્રીશ્રી,નાણા / માન. મુખ્ય મંત્રીશ્રી/ મંત્રીમંડળ (કેબીનેટ) વિચારણા કર્યા બાદ જમીન ફાળવવા અંગે નિર્ણય લેવામાં આવે છે.

૯.૩ વિભાગ તરફથી જિલ્લા કલેકટર/ જિલ્લા વિકાસ અધિકારી ને ઠરાવથી જાણ કરવામાં આવે છે અને અરજદારોને વિભાગ ધ્વારા સીધા પત્રથી પણ નિર્ણય લીધાની જાણ કરવામાં આવે છે.

૯.૪ નાણા વિભાગ તથા કેસની જરૂરીયાત મુજબ સંબંધિત વિભાગોના મંતવ્યો મેળવવામાં આવે છે. દા.ત. કેસમાં કાયદાનો પ્રશ્ન હોય તો કાયદા વિભાગનો, ઉદ્યોગનો પ્રશ્ન હોય તો ઉદ્યોગ વિભાગનો, શિક્ષણનો પ્રશ્ન હોય તો શિક્ષણ વિભાગનો વગેરે.

૯.૫ મહેસુલ વિભાગના તા. ૩–૧૨–૨૦૦૩ ના સત્તા સોંપણીના હુકમો અનુસાર યથા પ્રસંગ નાયબ સચિવશ્રી, અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, માન. મંત્રીશ્રી, મહેસૂલ અને મંત્રીમંડળ (કેબિનેટ) ધ્વારા અંતિમ નિર્ણય કરવામાં આવે છે.

૯.૬ રીવીઝન / અપીલના અધિકારો અગ્રસચિવશ્રી(વિવાદ) મહેસુલ વિભાગ, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે. કલેકટર / જિલ્લા વિકાસ

અધિકારીના હુકમના કાયદેસરપણા, ઔચિત્ય, વ્યાજબીપણું જોવા અગ્રસચિવશ્રી (વિવાદ) સ્વમેળે રીવીઝનમાં લઈ શકે છે તેમજ અરજદારો તરફથી અપીલ/ રીવીઝન અરજી રજુ થયે નિર્ણય કરી શકે છે. સરકારના હુકમ સામે નારાજગી હોય ત્યારે હાઈકોર્ટમાં અપીલ કરવાની રહે છે.

## ૯.૨ જમીન પરના દબાણ નિયમિત કરવા અંગે.

૯.૧ જુદા–જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે સામાન્ય રીતે સચિવાલયના વિભાગો માટે નિયત કરેલી કાર્યપધ્ધતિ અને ગુજરાત સરકારના કામકાજના નિયમોના નિયમ–૧૫(ક) હેઠળ વિવિધ સ્તરે કેસોના નિકાલ માટે સુપ્રત કરવામાં આવેલ સત્તા અનુસાર નિર્ણય કરવામાં આવે છે.

૯.૨ દબાણદારો તરફથી સરકારી જમીન પરના દબાણ નિયમિત કરવાની માંગણી થયેથી તેની નિયત ચેકલીસ્ટ મુજબ ચકાસણી કરીને તે અંગેની ધોરણસરની દરખાસ્ત સરકારમાં ( મહેસુલ વિભાગ) કરવામાં આવે છે. સરકારી જમીન પરના દબાણ નિયમિત કરવા અંગે મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ તથા તે હેઠળના ગુજરાત જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ તથા રાજય સરકાર ધ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતા ઠરાવો, પરિપત્રો, સૂચનાઓ અન્વયે દબાણ નિયમિત કરવાની કામગીરી થાય છે. સત્તાસોંપણીના હુકમો અનુસાર નાયબ સેકશન અધિકારી કક્ષાએથી દરખાસ્ત રજુ કરાયેથી સેકશન અધિકારી/ ઉપસચિવ/ નાયબ સચિવ/ નાણા સલાહકારશ્રી/ અગ્રસચિવશ્રી, મહેસુલ / અગ્રસચિવશ્રી, ખર્ચ, નાણા વિભાગ/ માન. મંત્રીશ્રી , મહેસુલ કક્ષાએ વિચારણા કર્યા બાદ દબાણ નિયમીત કરવા અંગે નિર્ણય લેવામાં આવે છે.

૯.૩ વિભાગ તરફથી લેવાયેલ નિર્ણયની જાણ જીલ્લા કલેકટરને ઠરાવથી કરવામાં આવે છે જેના આધારે કલેકટરશ્રી ધ્વારા ઔપચારિક હુકમ કરી અરજદારને જાણ કરવામાં આવે છે. ઉપરાંત અરજદારોને વિભાગ ધ્વારા પણ નિર્ણય લીધાની જાણ કરવામાં આવે છે.

૯.૪ સંબંધિત કલેકટરશ્રી, જરૂર જણાયે સંબંધિત જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી તેમજ નાણા વિભાગના મંતવ્યો મેળવવામાં આવે છે.

૯.૫ મહેસુલ વિભાગના તા. ૩–૧૨–૨૦૦૩ ના સત્તા સોંપણીના નિયમો અનુસાર યથાપ્રસંગ નાયબ સચિવશ્રી, અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગ/ માન. મંત્રીશ્રી, મહેસુલ ધ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવે છે.

૯.૬ રીવીઝન :

રીવીઝન/ સમીક્ષાના અધિકારો અગ્રસચિવશ્રી (વિવાદ) મહેસુલ વિભાગ, પોલીટેકનીક કંપાઉન્ડ, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે. કલેકટરના હુકમના કાયદેસરપણા, ઔચિત્ય, વ્યાજબીપણું જોવા અગ્રસચિવશ્રી (વિવાદ) સ્વમેળે હુકમ રીવીઝનમાં લઈ

શકે છે તેમજ અરજદાર તરફથી અપીલ /રીવીઝ્ન અરજી રજૂ થયે નિર્ણય કરી શકે છે. સરકારના હુકમ સામે નારાજગી હોય ત્યારે હાઈકોર્ટમાં અપીલ અરજી કરવામાં આવે છે.

૯.૩ ખેતીના હેતુ માટે અપાયેલ નવી શરત –જુની શરતની જમીન

| ક્રમ નંબર | |
|---|---|
| જેના પર નિર્ણય લેવાનાર છે તે | ખેતીના હેતુ માટે અપાયેલ નવી શરત –જૂની શરતની જમીન |
| માર્ગદર્શક સૂચન /દિશાનિર્દેશ જો કોઈ હોય તો | - |
| અમલની પક્રિયા | કલેકટરશ્રીએ સરકારની પૂર્વ મંજૂરીથી આપવાની પરવાનગી અંગેની દરખાસ્તો ઉપર આ શાખા કાર્યવાહી કરે છે. |
| નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓનો હોદ્દો | ના.સે.અ.શ્રી /સે.અ.શ્રી/ ઉ.સ.શ્રી (જ.સુ) /સં.સ.શ્રી (જ.સુ) સચિવશ્રી (જ.સુ) /માન.મંત્રીશ્રી (મહેસૂલ) |
| ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહ્તી | ના.સે.અ. શ્રી - ટેલીફોન નં-૨૩૨૫૧૫૬૯<br>સે.અ.શ્રી - ટેલીફોન નં-૨૩૨૫૧૫૬૯<br>ઉ.સ.શ્રી(જ.સુ) - ટેલીફોન નં-૨૩૨૫૧૫૩૬<br>સં.સ.શ્રી.(જ.સુ) - ટેલીફોન નં-૨૩૨૫૧૫૪૪<br>સચિવશ્રી (જ.સુ) - ટેલીફોન નં-૨૩૨૫૧૫૧૪<br>માન.મંત્રીશ્રી(મહેસૂલ) - ટેલીફોન નં-૨૩૨૩૮૧૦૮ |
| જો નિર્ણય સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી ? | આ અંગેના આખરી હુકમો કલેકટરશ્રી કરે છે જેથી તે હુકમ સામે અપીલ/ રીવીઝ્ન જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૩/૨૧૧ અન્વયે ખાસ સચિવશ્રી (વિવાદ), અમદાવાદને કરવાની રહે છે, અને ખાસ સચિવશ્રી , (વિવાદ) ના હુકમથી નારાજ હોય તો ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થઈ શકે છે. |

૯.૪ ગુજરાત ખેતે જમીન ટોચ મર્યાદા ધારો-૧૯૬૦ ની અપીલ રીવીઝ્ન કાર્યવાહીનો નિર્ણય

| ક્રમ નંબર | | ૧ |
|---|---|---|
| જેના પર નિર્ણય લેવાનાર છે.<br>તે વિષય માર્ગદર્શક સૂચના / | : | ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારો-૧૯૬૦ કલમ -૩ હેઠળ મુકિત મેળવવા બાબત. |

| | | |
|---|---|---|
| દિશાનિર્દેશ જો કોઈ હોય તો | | |
| અમલની પક્રિયા | : | ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારો -૧૯૬૦ ની જોગાવઈ મુજબ |
| માર્ગદર્શક સૂચન/ દિશા નિર્દેશ જો કોઈ હોય તો | ૧ | જમીન મહેસૂલ કાયદા, નિયમો હેઠળ વખતોવખત બહાર પડાયેલ સૂચના અંગેના ઠરાવ /પરિપત્રો |
| | ૨ | મીઠાના હેતુ માટે સરકારી જમીન ફાળવવા માટે વખતોવખત બહાર પડાયેલ સૂચના અંગેના ઠરાવ / પરિપત્રો |
| અમલની પક્રિયા | | કલેકટરશ્રી /જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી મળેલ દરખાસ્ત, રજૂઆત અન્વયે માર્ગદર્શન તથા પરવાનગી આપવાની કાર્યવાહી આ શાખા કરે છે. |
| | | |
| નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓનો હોદ્દો | | નાયબ સેકશન અધિકારીશ્રી, સેકશન અધિકારીશ્રી, ઉપસચિવશ્રી (જમીન) નાયબ, સચિવશ્રી (જમીન) અગ્ર સચિવશ્રી (મહેસૂલ ), માન મંત્રીશ્રી (મહેસૂલ) |
| | | |
| ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી | | ના.સે.અ. શ્રી - ટેલીફોન નં-૨૩૨૫૧૫૭૦<br>સે.અ.શ્રી - ટેલીફોન નં-૨૩૨૫૧૫૭૦<br>ઉ.સ.શ્રી(જ.સુ) - ટેલીફોન નં-૨૩૨૫૧૫૪૧<br>ના.સ.શ્રી - ટેલીફોન નં-૨૩૨૫૧૫૧૭<br>અ.મુ. સચિવશ્રી(મહેસૂલ) - ટેલીફોન નં-૨૩૨૫૧૫૦૧<br>માન.મંત્રીશ્રી (મહેસૂલ)- ટેલીફોન નં-૨૩૨૩૮૧૦૮ |
| જો નિર્ણય સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી, | | કલેકટરશ્રી/ જિલ્લાવિકાસ અધિકારીશ્રીના હુકમો સામે અપીલ /રીવીઝન અરજી જમીન મહેસૂલ કાયદાની કલમ- ૨૦૧૩, ૨૧૧ અન્વયે ખાસ સચિવશ્રી (વિવાદ)અમદાવાદને કરવાની રહે છે, અને ખાસ સચિવ શ્રી (વિવાદ ) ના હુકમથી નારાજ હોય તો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થઈ શકશે. |

૯.૭ સંપાદન થયેલ જમીન મુકત કરવી/ રીગ્રાન્ટ કરવી.

| | | |
|---|---|---|
| જેના પર નિર્ણય લેવાનો છે તે | : | સંપાદન થયેલજમીન મુકત કરવી/ રીગ્રાન્ટ કરવી |
| માર્ગદર્શક સૂચના /દિશા | : | જમીન સંપાદન ધારા-૧૮૯૪ ની |
| નિર્દેશ | : | કલમ -૪૮ (૧) ગુ.રા માટેના નિયમ સંગ્રહના પારા-૩૨૮ તથા તા. ૩૧-૮-૦૧ નો પરિપત્ર નં એલએક્યુ -૨૨૮૯-૬૧૪-ધ |
| અમલની પક્રિયા | : | ઉકત સંદર્ભિત નિયમોનુસાર |
| નિર્ણય લેવાનીકાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓનો હોદ્દો | : | સે.અ.શ્રી, ઉ.સ.શ્રી (જં.સં) , ના.સ.શ્રી (જ.સં), સચિવશ્રી (જ.સુ) |
| હોદ્દો | : | અગ્ર સચિવશ્રી(મહેસૂલ), માન. મંત્રીશ્રી (મહેસૂલ) |
| ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી | : | તેઓના સરકારી ફોનથી અથવા રૂબરૂ સંપર્ક થઈ શકશે. |
| જો નિર્ણયથી સંતોષ ન હોય તો કયા અને કેવી રીતે અપીલ કરવી ? | : | સરકારમાં અપીલ ની કોઈ જોગવાઈ નથી. |

૯.૮ કુદરતી આપતિ (પૂર, વાવાઝોડું ભૂંકપ) માં સહાય

૯.૮ (૧) : સચિવાલયના કામકાજ નિયમોનુસાર

૯.૮ (૨) : માન.મુખ્યમંત્રીશ્રી સમિતિ સમક્ષ (ખાસ કિસ્સામાં)

૯.૮(૩) : અરજદારને ટપાલથી જાણ કરવામાં આવે છે.

૯.૮ (૪) : સે.અ.શ્રી, ઉ.સ.શ્રી,સં.સ.શ્રી (રાહત,) રાહત કમિશનર અને અગ્ર સચિવશ્રી તથા અ.મુ. સચિવશ્રી (મહેસૂલ ), ખાસ કિસ્સામાં માન. મુખ્યમંત્રીશ્રી

૯.૮ (૫) : અ.મુ. સચિવશ્રી (મ), માન.મુખ્યમંત્રીશ્રી

૯.૮ (૬) :

| | | |
|---|---|---|
| જેના પર નિર્ણય લેવાનો છે તે નિયમ | : | કુદરતી આપતિ (પૂર વાવાઝોડું, ભૂંકપ) માં સહાય |
| માર્ગદર્શક સૂચન /દિશા | : | - |

| | | |
|---|---|---|
| નિર્દેશ<br>હોય તો<br>અમલની પ્રક્રિયા | : | કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, રાહત નિયામક તરફથી દરખાસ્તો રજુ થયે શાખા કાર્યવાહી કરે છે. |
| નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓ | : | ના.સ.શ્રી થી માન.મુખ્યમંત્રીશ્રી<br>(કેસની ગુણવત્તા મુજબ) |
| ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક ની માહિતી | : | શાખા અધિકારીશ્રી – ૫૧૫૭૯<br>ઉ.સ.શ્રી – ૫૧૫૪૦<br>સં.સ.શ્રી (રાહત) – ૫૧૫૨૭–૨૮<br>રાહત કમિશ્નર અને સચિવશ્રી –<br>માન.મંત્રીશ્રી (મહે.) – ૨૩૨૩૮૧૦૮ |
| જો નિર્ણયથી સંતોષ ન થાય તો કયા અને કેવી રીતે અપીલ કરવી ? | : | સહાયના હુકમો સામે અપીલ કરવા માટે પુનઃ રજુઆત કરી શકે છે. |